ડીસા નગરપાલિકામાં ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી

પ્રમુખ તરીકે ડૉ. તેજલ પટેલ અને ઉપપ્રમુખ તરીકે નિલેષ ઠક્કર ચૂંટાયા

ડીસા, તા. ૭

ડીસા નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખની અઢી વર્ષનો સમયગાળો પૂર્ણ થતો હોવાથી નગરપાલિકામાં મંગળવારના રોજ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપે કોંગ્રેસના સુપડા સાફ કરી પાલિકા પર ભગવો લહેરાવ્યો હતો.

જ્યારે કોંગ્રેસે પણ સત્તા જાળવવા ભારે મથામણ કરી હતી. છેલ્લા એક મહિનાથી ચાલતા પોલીટીક્સનો મંગળવારે અંત આવ્યો હતો. જિલ્લા કલેક્ટર બી.કે. પટેલની અધ્યક્ષસ્થાને યોજાયેલ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીમાં તમામ કોર્પોરેટરોની હાજરીમાં બપોરે ૧૨ કલાકે ચૂંટણીની કાર્યવાહી હાથ ધરાઈ હતી જેમાં

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ડીસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૧૨ વોર્ડમાં ૧૬ ભાજપ, ૧૬ અપક્ષ અને ૪ બેઠક કોંગ્રેસે કબજે કરી હતી. છતાં કોંગ્રેસના વિપુલ શાહે અપક્ષના ટેકાથી સત્તાનું સિંહાસન સંભાળ્યું હતું. ત્યારે અઢી વર્ષનો સમય પૂર્ણ થતા પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી જાહેર થઈ હતી. જેના કારણે છેલ્લા ઘણા સમયથી પાલિકાના કોર્પોરેટરોમાં ઉત્તેજના જોવા મળતી હતી. પ્રમુખની બેઠક મહિલા માટે અનામત હોવાથી પ્રમુખ બનવા માટે બન્ને પક્ષના મહિલા કોર્પોરેટરોમાં દોડધામ મચવા પામી હતી. સત્તાથી વંચિત ભાજપે બોડી બનાવવા માટે આકાશ પાતાળ એક કર્યું હતું.

ભાજપના મેન્ડેડવાળા તેજલબેન પટેલ પ્રમુખ અને નિલેષ કાન્તિલાલ ઠક્કર ઉપપ્રમુખ તરીકે દાવેદારી નોંધાવી હતી. તેમને ભાજપના ૧૫ (એક સભ્યએ અગાઉ રાજીનામુ આપેલ છે) અને અપક્ષ મળી ૨૨ સભ્યોનું પીઠબળ મળતા તેમની પ્રમુખ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે હરીફ માં પ્રમુખ ઉમેદવાર બબીબેન શંભુભાઈ રાઠોડ અને ઉપપ્રમુખના ઉમેદવાર દિપક રાઠોડને ૧૩ મત મળ્યા હતા. આમ અઢી વર્ષ બાદ કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી લેતા કોંગ્રેસમાં સન્નાટો મચી જવા પામ્યો છે. અને ભાજપમાં આનંદ ઉલ્લાસનો માહોલ છવાયો છે.

પ્રાંતિજમાં ૯ કલાક સુધી વીજળી ડુલ રહેતા નગરજનો ત્રાહિમામ

પ્રાંતિજ, તા. ૭

કાળઝાળ ગરમીમાં પ્રાંતિજ શહેરમાં વીજલાઈનની ચકાસણીને પગલે સવારથી સાંજ સુધી અંદાજીત ૯ કલાક વીજપુરવઠો બંધ કરવામાં આવતા ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. લગ્ન સિઝનમાં લાઈટ બંધ રહેતા શહેરીજનો તંત્ર સામે રોષે ભરાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ઉનાળાની ગરમીથી બચવા અત્યારે લોકો બપોરના સમયે ઘરમાં એ.સી. કુલર, પંખા ચાલુ કરી ગરમીથી રાહત મેળવતા હોય છે ત્યારે આવી ધોમધખતી ગરમીમાં જ પ્રાંતિજ શહેરમાં ગુજરાત વીજ કંપની દ્વારા સવારથી સાંજ વીજ પ્રવાહ બંધ રાખવામાં આવ્યો હતો. જેથી લોકો ગરમીથી શેકાઈ ગયા હતા. વિજ પ્રવાહ બંધ હોવાથી ઘણાના કામ અટવાયા હતા. સરકારી કચેરીઓ, દવાખાના, પેઢીઓ, દુકાનો સહિત ઘરોમાં વીજ પ્રવાહ બંધ રહેતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. લમણા શેકાઈ જાય તેવી ગરમીમાં એક મિનિટ પણ લાઈટ વિના ચાલે તેમ નથી ત્યારે ઠંડાપીણાની દુકાનોમાં લાઈટ બંધ રહેતા આઈસ્ક્રીમ, કેન્ડી, ચોકોબાર, મેંગોડોલી સહિત ચીજવસ્તુ ઓગળી ગઈ હતી અને પાર્લર માલિકોને નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. લગ્નની સીઝનને કારણે લગ્ન પ્રસંગમાં આવેલ મહેમાનો છાંયડામાં બેસી ટાઈમ પસાર કર્યો હતો.

જ્યારે લગ્નમાં ચોરીમાં પરણવા બેઠેલા વરરાજાઓને હવા નાંખતા અણવર થાકી ગયા હતા. તેમજ લગ્નની ખરીદી કરવા આવેલ લોકો પણ હેરાન થઈ ગયા હતા. જ્યારે દુકાન ધારકો પણ દુકાન બંધ કરી બહાર છાંયડામાં બેસી ગપ્પા મારીને ટાઈમ પસાર કર્યો હતો. ગુજરાત વીજ કંપની દ્વારા રાઉન્ડ ચેકિંગ અને વીજવાયરને અડેલા વૃક્ષની ડાળીઓ દુર કરવા સવારના ૮ થી ૪ દરમ્યાન લાઈટ બંધ રાખી હતી. જેની અગાઉ જાહેરાત પણ કરવામાં આવી હતી.

ગુજરાત હાઈકોર્ટમાં આજે મ્યુનિ. કોર્પો.ના 'જ્ઞાનશાળા' પ્રોજેક્ટના મામલે રિટ

અમદાવાદ, તા. ૭

'જ્ઞાનશાળા' પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસ કરતા બાળકોને મ્યુનિસિપાલિટી દ્વાર જનરલ રજિસ્ટર નંબર ન અપાતો હોવાથી તેમના ભવિષ્ય પર અસર થતી હોવાનો દાવો કરતી રીટ આજે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવી હતી.

'જ્ઞાન શાળા' પ્રોજેક્ટ ગુજરાત, બિહાર, યુપી જેવા રાજ્યોમાં ચાલી રહ્યો છે. અને આ પ્રોજેક્ટ અંતર્ગત ડ્રોપ આઉટ થયેલા બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ગુજરાત રાજ્યમાં આ પ્રોજેક્ટ સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાલી રહ્યો છે. આ પ્રોજેક્ટના અનુસંધાનમાં સમગ્ર ભારતમાં ૩૦૦૦૦ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે. હાલ ગુજરાતમાં ૨૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓ દ્વારા આ બાળકોને જીઆર નંબર ન અપાતા તેઓ તેમના વધુ અભ્યાસ પ્રાઈવેટ શાળમાં કરી શકતાનથી. અત્રે ઉલ્લેખનીય છે કે આ બાળકોને જીઆર નંબર આપવામાં આવે તો તેના કારણે રાજ્યનીમ્યુનિસિપલ શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાની ભીતી હાલમાં સેવાઈ રહી છે. આ અંગેની વધુ સુનાવણી આવતી કાલે યોજાશે.

દાંતીવાડા યુજીવીસીએલ એ ૩૩૦૨ વીજ જોડાણ માટે ડ્રો કર્યો

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૭

વર્ષ ૨૦૧૨માં દાંતીવાડા યુ.જી.વી.સી.એલ.ને વીજ જોડાણ માટે તાલુકાના ખેડૂતો તરફથી કુલ ૪૨૦૦ અરજીઓ મળી હતી. જેમાંથી આજે વીજતંત્રએ ૩૩૦૨ અરજીઓનો ડ્રો યોજાયો હતો. પરિણામે તાલુકાના ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકામાં વર્ષ-૨૦૧૨ના માસમાં તાલુકાના ખેડૂતોએ વીજ જોડાણ માટે યુ.જી.વી.સી.એલ., વિભાગમાં કુલ ૪૨૦૦ અરજીઓ કરી હતી. જેમાં જે ખેડૂતોએ બોર અથવા કુવાના પુરાવા રજુ કર્યા હતા તેવા કુલ ૩૩૦૨ ખેડૂતોના નામનો ડ્રો આજે દાંતીવાડા કોલોની યુજીવીસીએલની કચેરી ખાતે યોજવામાં આવ્યો હતો.

જેમાં પ્રથમ નંબરે મગનભાઈ હરિભાઈ રબારીનું નશીબ ખુલ્યુ હતું. આ સહિતના તમામ ૩૩૦૨ ખેડૂતોને ક્રમશઃ વીજ જોડાણ આપવામાં આવશે તેમ વીજ તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લાની અર્બન હેલ્થ પ્રોજેકટ સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા, તા.૭

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એચ.એન. ઠક્કરના અધ્યક્ષ સ્થાને અર્બન હેલ્થ સોસાયટી અંતર્ગત અર્બન હેલ્થ પ્રોજેકટ ગર્વનીંગ બોડીની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અર્બન હેલ્થ પ્રોજેકટ હેઠળ ભૌતિક અને નામાંકીય પ્રગતિને બહાલી આપવી, અર્બન હેલ્થ સેન્ટરો, સબ સેન્ટરોના મકાન રીનોવેશનની કામગીરી, નવીન અર્બન હેલ્થ સબ સેન્ટર તથા ભાડાના મકાન અને જમીન બાબતની ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં શહેરી વસ્તીના આરોગ્ય માટે સરકારશ્રી દ્વારા ૯ શહેરમાં અર્બન હેલ્થ સેન્ટર તેમજ ૩૧ સબ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. શહેરી લોકો આરોગ્યની સેવાઓનો લાભ મેળવે તે માટે નગરપાલિકાના સહયોગથી જાણકારીના હોર્ડિંગ્સ લગાવવાની પણ સુચના આપી હતી. આ ઉપરાંત મહેસાણા શહેરમાં સર્ગભા માતાઓની નોંધણી માટે ખાસ તકેદારી રાખવા સુચન કર્યું હતું. શહેરમાં વાહકજન્ય રોગ અટકાયતી કાર્યક્રમને વધુ વેગવંતો બનાવવા સુચન કર્યું હતું.

હિંમતનગર રેલવે પોલીસે માનવ રહિત ફાટકો માટે જનજાગૃતિ અભિયાન કર્યું

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લામાં હિંમનતગરથી ખેડબ્રહ્મા અને અમદાવાદથી ઉદેપુર બે મીટરગેજ રેલવે લાઈનો પર અંદાજે ૪૦થી વધુ માનવ રહિત ફાટકો આવેલા છે ત્યારે મંગળવારે ઉજવાઈ રહેલ 'આંતરરાષ્ટ્રીય માનવ હિત ફાટક સુરક્ષા દિવસ'ના અંતર્ગત હિંમતનગર રેલવે પીઆઈઆ-આર.કે. ભટનાગર, પ્રાંતિજ રેલવેના સીનીયર સેકશનલ એન્જીનીર-એચ. કે. સોલંકી, જુનિયર એન્જીનયીર-અજબસિંગ, રેલવે પોલીસ સ્ટાફ અને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટાફ ભેગા મળી હિંમતનગરથી ખેડબ્રહ્મા રેલવે લાઈન પર લોલાસણ ગામે માનવ સહિત ફાટક નંબર ૯૬ પરથી પસાર થતા વાહન ચાલકો અને ચાલતા જતા ગ્રામજનોને માનવ રહિત લેવલ ક્રોસિંગ પાર કરતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ના કરવો, બંને બાજુ જોવું જો ટ્રેન આવતી હોય તો તે પસાર થાય પછી જ લેવલ ક્રોસિંગ કરવું તેવી માહિતી સાથે સમજણ આપી હતી. સાથે જનજાગૃતિ અભિયાન અંતર્ગત સુચન પત્રિકાઓ પણ વિતરણ કરી હતી.

આ અંગે હિંમતનગર રલવે પોલીસ મથકના પીઆઈ-આર. કે. ભટનાગરે જણાવેલ કે આ ૯૬ નંબરના માનવ સહિત લોલાસણ ફાટક પર વર્ષ ૨૦૧૧માં અને વર્ષ ૨૦૧૨માં એક એમ બે અકસ્માત થયા હતા તેથી જાગૃતિ અભિયાન અહીંથી શરુ કર્યું છે અને બીજો ટ્રાફિક વાળો માનવ રહિત ફાટક નંબર ૧૪૦ જે ખેડબ્રહ્માના શ્યામનગર છે ત્યાં પણ જન જાગૃતિ અભિયાન કર્યું છે.

કોર્ટ પરિસરમાં આરોપીએ ફરિયાદી મહિલાને મારી

અમદાવાદ, તા. ૭

શહેરની મેટ્રો કોર્ટ પરિસરમાં એક આરોપીએ ફરીયાદી મહિલાને જાહરેમાં માર માર્યો હતો. માર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના નોબલનગર વિસ્તારમાં આવેલી અનસૂયા સોસાયટીમાં જાગૃતિબેન ભરતભાઈ પુરાણી (ઉ.૩૯) પોતાના પરિવાર સાથે રહે છે. પાંચકે મહિના અગાઉ વિઠ્ઠલ શ્રીમાળી નામના શખ્સે અનસૂયાબેનની પુત્રીને ઉઠાવી જઈ ધાકધમકી આપીને રૂપિયા પાંચ લાખની માંગણી કરી હતી જેની ફરીયાદ સરદાર નગર પોલીસ મથકે નોંધાઈ હતી. આ કેસની સુનાવણી ગઈકાલે મેટ્રો કોર્ટ નં. ૧૭માં થવાની હતી. તે દરમિયાનમાં આરોપી વિઠ્ઠલે ફરીયાદી અનસૂયાબેનને માર માર્યો હતો. માર મારતા અનસૂયાબેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા તેમને તાત્કાલીક સારવાર અર્થે વી.એસ. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડીસાના આખોલ ગામે વિદેશી દારૂ ભરેલું જીપડાલું પકડાયું

(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

પોલીસે રૂ. ૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

ડીસા, તા.૭

ડીસા તાલુકાના આખોલ ચાર રસ્તા પાસે પોલીસે એક નંબર પ્લેટ વિનાના જીપડાલાને અટકાવી તેમાંથી ૨૨૨૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોની અટકાયત કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ડીસા તાલુકાના આખોલ પાસે આવેલા ચાર રસ્તા પર થઈને વિદેશી દારૂ ભરેલી એક પીકઅપ ડાલું પસાર થવાનું છે તેવી પોલીસને ગુપ્ત રાહે બાતમી મળતા જ પોલીસે નાકાબંધી ગોઠવી આવતા જતા વાહનોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં એક નંબર પ્લેટ વિનાનું પીકઅપ ડાલુ પસાર થતા તેને અટકાવેલ અને અંદર તપાસ કરતા અંદરથી ૨૨૨૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ડીસા પોલીસે કિંમત રૂ. ૨,૮૬,૮૦૦નો દારૂ, ૪ લાખનું જીપડાલુ અને એક મોબાઈલ કિં. રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ. ૬,૮૭,૮૦૦ના મુદ્દામાલ સાથે ભરવદાન પીરદાન ગઢવી અને દલપતસિંહ ગઢવીની અટકાયત કરી હતી અને વધુ આગળની તપાસ હાથ ધરી હતી.

હિંમતનગર શહેરમાં ત્રિવિધ લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરી ગરીબોના આવાસ, શહેરને જોડતો ઓવરબ્રિજ અને નંદઘરના મકાનનો ત્રિવિધ લોકાર્પણનો કાર્યક્રમ નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત આઈ. એચ. એસ. ડી. પી. યોજના અન્વયે આધુનિક સુવિધાઓથી સજ્જ રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ૧૩૨ આવાસોનું લોકાર્પણ કરતા નાણામંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રજાની સુખ સુવિધામાં વધારો કરવાની રાજ્ય સરકારની નેમ છે ત્યારે શહેરી ગરીબો માટે ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા કરાયું છે. પ્રજાની સુખાકારી માટે ટાવર રોડથી મહાવીરનગરને જોડતો ઓવર બ્રિજનું રૂ. ૯૭૬ લાખના ખર્ચે નિર્માણ થતા પ્રજાને ઉપયોગી વિકાસના કામોને વેગ મળશે. જેનાથી આ હિંમતનગર શહેરની રોનકમાં વધારો થશે.

શહેરી ગરીબોની સુખ સુવિધા સાથે તેમના બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત ચિંતા સેવે છે. તેથી જ વિવિધ આવાસ કોલોનીઓમાં નંદઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. મંત્રીશ્રીએ નગરપાલિકાના સુદૃઢ વહિવટની વાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૯ નગરપાલિકાઓ પૈકી દેવામુક્ત હિંમતનગર નગરપાલિકાની કામગીરી અને તેના સુવ્યવસ્થિત અમલીકરણની નીતિ ખરેખર પ્રસંશાપાત્ર છે.

હિંમતનગર નગરપાલિકાના શહેરી વિકાસ યોજનાની પ્રસંશા કરતા જણાવ્યું રાજ્યની મોટી નગરપાલિકાઓ શહેરની શોભા વધારવા રિવર ફ્રન્ટનું હજુ આયોજન કરી રહી છે. ત્યારે હિંમતનગર નગરપાલિકાએ રૂ. ૧૨ કરોડના ખર્ચે સુંદર રિવર પ્રન્ટની સાથે આધુનિક મોલ બનાવવાની કામગીરી પૂર્ણ કરવા જઈ રહી છે જે ખૂબ જ પ્રશંશનીય કામગીરી છે.

આ પ્રસંગે પૂર્વ ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન હિંમતનગર નગરપાલિકાએ વિકાસના કામોને અગ્રિમતા આપી છે. નગરપાલિકાના સુદૃઢ વહિવટી સંચાલનથી આજે નગરજનો વિકાસના મીઠા ફળ ચાખી રહ્યા છે. લોક કલ્યાણના કામો કરવા આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે આગામી સમયમાં શહેરીજનોને વધુ સુખ સુવિધાઓ ઉપલબ્ધ થશે તેવી આશા વ્યક્ત કરી હતી. હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી પલ્લવીબેન ગાંધીએ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન કર્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો રૂમ બંધ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન